


# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૫ | જૂન - ૨૦૧૮ | પત્ર - ૬૬


## ફાધર્સ - ડે તા. ૧૭-૦૬-૨૦૧૮




### "તારા બાપનું તથા તારી માનું સન્માન રાખ..."

એક દિવસે આરામ દાયક હવાઈ યાત્રા ચાલી રહી હતી ત્યાં અચાનક વાતાવરણમાં પરિવર્તન આવતાં હવાઈયાત્રા ભયજનક થવા લાગી. કપ્તાને સર્વ યાત્રિઓને સીટ બેલ્ટ બાંધવા કહ્યું. સર્વ ચિંતા અને મુશ્કેલીમાં હતા. વિમાન સમુદ્ર પાણી તરફ ઉતરવા લાગ્યું હતું. આ સમયે એક છોકરી શાંત ચિત્તે પુસ્તક વાંચી રહી હતી. વિમાન સલામત ઉતરતાં સર્વએ છોકરીને પૂછ્યું કે તું શાંતિથી વાંચતી હતી તેનું રહસ્ય શું છે ? છોકરીએ જવાબ આપ્યો કે વિમાન ચાલક મારા પિતા છે તે મને ઘર તરફ લઈ જઈ રહ્યા હતા આ રીતે એક છોકરીને તેના પિતા વિમાન ચાલક હોવાથી સલામતી લાગતી હતી.

આ રીતે બાળકોને પોતાના પિતામાં સલામતી અને રક્ષા જણાય છે. બચપણથી બાળકો પિતાની આંગળી પકડીને ચાલે છે ત્યારે તેમને કોઈ બીક, ચિંતા હોતી નથી. તેઓ નિશ્ચિત ચાલે છે. હિંમતથી ચાલે છે.

ઉપરોક્ત બાબતને જોતાં સમજાય છે કે કુટુંબમાં પિતાનું સ્થાન કેટલું બધું મહત્ત્વનું છે. પિતાની સંભાળ, પ્રેમ અને છાયામાં બાળકો સરળતાથી ચાલે છે, આગળ વધે છે, પ્રગતિ કરે છે. બાળકોની શારિરીક - તંદુરસ્તીની દૃષ્ટિએ, અભ્યાસ અને આત્મિક વિકાસ માટે પણ પિતા સતત સંભાળ રાખવા પ્રયત્ન કરે છે. આ માટે પિતા શારિરીક અને આર્થિક રીતે સતત પ્રયત્ન કરે છે.

આ રીતે કુટુંબમાં પિતાની જવાબદારી ફરજો ખૂબજ આગવા જણાય છે.

પવિત્ર શાસ્ત્ર બાઈબલ તરફ દૃષ્ટિ કરતાં ઉત્પત્તિ ૧૮:૧૯માં દેવ ઈબ્રાહીમ વિશે જણાવે છે કે તે પોતાના દિકરાને તથા પરિવારને યહોવાનો માર્ગ પાળવાની આજ્ઞા આપશે. આજે આવી રીતે પિતાએ પણ પોતાના બાળકોને સ્કુલ, કૉલેજ, ડિગ્રી વિગેરે અભ્યાસની સાથે

પ્રભુના માર્ગમાં ચાલે, પ્રભુના શિક્ષણમાં રહે માટે પ્રાર્થના અને પ્રયત્નો કરે છે. બાળકોને સન્ડે-સ્કુલ, ભજનસેવા, રીટ્રીટ વિગેરે ચર્ચ વ્યવસ્થામાં જોડાવા માટે પ્રોત્સાહન આપે છે. આ રીતે આત્મિક સંભાળ લેવા ખૂબ પ્રયત્નો કરે છે. કૌટુંબિક પ્રાર્થનામાં બાળકો માટે આગ્રહથી પ્રાર્થના કરે છે. પાળકોને પણ પ્રાર્થના વિનંતી આપતા હોય છે.

ઉપરોક્ત સર્વ બાબતો જોતાં કુટુંબમાં બાળકો પ્રત્યેની પિતાની ફરજો અને જવાબદારીઓ, કાર્યો, ચિંતા વિગેરે ખૂબજ મહત્ત્વના છે. તે જોતાં સર્વ બાળકોએ પિતાને ખૂબજ સન્માનની દૃષ્ટિએ જોવું જોઈએ, બાળકો પુખ્ત ઉંમરના થાય પછી પોતાના પિતાની સંભાળ દ્વારા સન્માન આપવું જોઈએ. પોતાના પ્રભુમય જીવન, સેવા કાર્યો દ્વારા પિતાને સન્માન આપવું જોઈએ. પોતાના પિતાની પરિસ્થિતિ સમજીને જ્યારે પિતાને આશ્વાસન, હિંમતની જરૂર હોય ત્યારે તેમની સાથે રહી સન્માન આપવું જોઈએ.

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં પણ દશ આજ્ઞાઓમાં પ્રથમ ચાર યહોવા દેવ - વિશે અને તરત પાંચમી આજ્ઞામાં પિતા-માતાને સ્થાન આપવામાં આવ્યું છે. એટલે કે પવિત્ર આજ્ઞામાં યહોવા દેવ પછી પિતા-માતાને સન્માન આપવાની આજ્ઞા છે. જે પિતાનું મહત્ત્વ દર્શાવે છે.

સર્વ વ્હાલા બાળકોને નમ્ર વિનંતી છે કે તમારા જીવનમાં પિતાની જવાબદારી - ફરજોનું ધ્યાન રાખી હંમેશા તેઓનું પ્રભુના નામમાં સન્માન કરો અને ખૂબજ આશીર્વાદિત અને લાંબુ આયુષ્ય પ્રાપ્ત કરો. - આમીન.



## મે માસ તરફ એક નજર

- તા. ૦૬-૦૫-૨૦૧૮, રવિવારની ભજનસેવામાં રેવ. તિમોથી પરમાર સાહેબે વચનની સેવા આપી હતી. તેઓના કુટુંબને બુકે આપી આવકારી સન્માન કર્યું હતું.
- તા. ૧૩-૦૫-૨૦૧૮, રવિવાર ભજનસેવામાં માતૃદીનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રીમતી કમળાબેન કે. સોલંકીએ સંચાલન કર્યું હતું. અને શ્રીમતી શશીબાળા એસ. પરમારે વચન આપ્યું હતું.

  ૬૫ વર્ષની ઉંમરના બહેનોને કલગી અને દરેક માતાઓને ગુલાબનું ફુલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- તા. ૨૦-૦૫-૨૦૧૮, રવિવારની ભજનસેવામાં રેવ. અરવિંદ આર. ખ્રિસ્તીએ જીવંત મંડળી દેવના મહિમા માટે તે વિશે વચન આપ્યું હતું. પાળક કુટુંબને બુકે આપી આવકારી સન્માનિત કર્યા હતા. લે-એકટીવીટી પ્રમુખ શ્રી સેમ્યુલભાઈ ડેવિડ મંડળી તરફથી પાળક પરિચય આપ્યો હતો. સર્વનો આભાર.

  ભજનસેવા બાદ શ્રીમતી આગ્નેશબેન જે. મેકવાન અને ચિ. બેબી આન્યા ઓનિલ પેટ્રીકના જન્મ દિવસ હોવાથી તેઓ તરફથી સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. પુષ્કળ આભાર.
- તા. ૨૭-૦૫-૨૦૧૮ રવિવારની ભજનસેવામાં સ્થાનિક પાળક દ્વારા જીવંત મંડળી સબંધી વચનની સેવા આપવામાં આવી હતી.
- તા. ૨૭-૫-૨૦૧૮ શ્રીમતી પ્રતિક્ષાબેન સુનિલભાઈ ક્રિશ્ચિયનના નવા મકાન માટે સાંજે ૭-૦૦ કલાકે લક્ષ્મીનિવાસ ફલેટ, નારોલમાં પ્રાર્થના કરવામાં આવી. અભિનંદન

## BIRTHDATES IN JUNE - 2018

| તારીખ | નામ |
|---|---|
| ૦૨ | શ્રેયા પી. અમીન |
| ૦૩ | સ્મિતાબેન જેમ્સ ક્રિશ્ચિયન |
| ૦૩ | ભારતીબેન એ. ક્રિશ્ચિયન |
| ૦૫ | મેરેલીન ઈમાનુએલ ખ્રિસ્તી |
| ૦૬ | બ્રાયન ડોનાલ્ડ મેકવાન (U.S.A.) |
| ૧૧ | સુજન નોએલ ક્રિશ્ચિયન |
| ૧૬ | સિલીયાબેન એસ. મેકવાન |
| ૧૬ | તનય શરદભાઈ વાઘેલા |
| ૧૭ | મોનિકા ઈમાનુએલ ખ્રિસ્તી |
| ૨૦ | ચિરાગ જી. વરસડા |
| ૨૦ | ઈન્દુબેન કિરણકુમાર વિશ્રામ |
| ૨૦ | લિનિયસભાઈ એસ. પેલમોર |
| ૨૧ | જોસફભાઈ એ. ક્રિશ્ચિયન |
| ૨૧ | વેનિસા વિનોદભાઈ રાઠોડ |
| ૨૧ | સેમ્યુલભાઈ એમ. ડેવિડ |
| ૨૧ | કેરોલ ફિલીપભાઈ રાઠોડ |
| ૨૨ | સારાહબેન એફ. ટેલર |
| ૨૨ | યશ સુનિલભાઈ ક્રિશ્ચિયન |
| ૨૨ | જોની ડિકોસ્ટીન ચૌહાણ |
| ૨૨ | નૈમેષ જોસફભાઈ ક્રિશ્ચિયન |
| ૨૪ | પ્રતિક્ષાબેન નિલેશભાઈ પરીખ |
| ૨૬ | પ્રતિમાબેન કિશોરકુમાર વાઘેલા |
| ૨૭ | ઓનિલ એ. પેટ્રિક |
| ૨૯ | ડીકસન આર્ચીબોલ્ડ હેરી |
| ૩૦ | સુનંદાબેન વિક્ટરભાઈ મેકવાન |

## પાળક મારફતે મળેલ દાન

**મે**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી મનોજભાઈ સી. ચૌહાણ | ૩૦૦ | વર્ષગાંઠ |
| ૨. | ચિ. બેબી આન્યા ઓનિલ પેટ્રીક | ૧૫૦૦ | વર્ષગાંઠ |
| ૩. | શ્રી નલિન આર. ક્રિશ્ચિયન | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૪. | શ્રીમતી નિયંતા કેનેથ ક્રિશ્ચિયન USA | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૫. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | ૫૦૦ | વર્ષગાંઠ |
| | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | ૫૦૦ | આ.સ્તુતિ |
| ૬. | ચિ. શોન સેરિલ ક્રિશ્ચિયન | ૫૦૦ | આ.સ્તુતિ |
| ૭. | કું. ક્રિસ્ટીના ફ્રાન્સિસ ગોહિલ | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૮. | ચિ. રીયોન ઈમાનુએલ ક્રિશ્ચિયન | ૫૦૦ | વર્ષગાંઠ |

## નાણાંકીય અહેવાલ એપ્રિલ - ૨૦૧૮

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૪-૧૮ની ઉઘડતી સિલક | રોકડ | ૧૩૨૫.૮૮ |
| | બેંક | ૫,૨૦,૧૨૫.૬૬ |
| તા.૩૦-૦૪-૧૮ સુધીની આવક | | ૯૬,૯૦૦.૦૦ |
| | કુલ | ૬,૧૮,૩૫૧.૫૪ |
| તા. ૩૦-૦૪-૧૮ ની બંધ સિલક | | |
| | રોકડ | ૩૧૭.૮૮ |
| | બેંકમાં | ૨,૪૫,૬૪૪.૬૬ |
| તા.૩૦-૦૪-૧૮ સુધીનો ખર્ચ | | ૩,૭૨,૩૮૯.૦૦ |
| | કુલ | ૬,૧૮,૩૫૧.૫૪ |

શ્રી મનોજભાઈ સી. ચૌહાણ, ટ્રેઝરર

**ખાસ સુચના :** બુલેટીનમાં છાપવામાં આવતી વર્ષગાંઠ સબંધી કોઈપણ ફેરફાર કે ઉમેરો કરવાનો હોય તે અંગે પાળકને જાણ કરવા વિનંતી છે.




## JUNE - 2018

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | |
| ૫ | | ■ | | ■ | | ■ |
| ■ | ૬ | ■ | | ■ | ૭ | |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | | ■ | ■ |
| ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ■ | ૧૭ | ૧૮ | | ૧૯ | |
| ૨૦ | | ■ | | ■ | | ■ |

**આડી ચાવી**

(૧) કેમ કે તેઓ ........... પહેરીને ફરવાનું, ચૌટાઓમાં સલામો તથા સભાસ્થાનોમાં મુખ્ય આસનો તથા જમણવારમાં મુખ્ય જગાઓ ચાહે છે. (૨) (લૂક ૨૦મો અધ્યાય)
(૨) તે વખતે બળવાન ........... પોક મૂકીને રડે છે. (૩) (સફાન્યા - ૧ લો અધ્યાય)
(૩) કેમ કે તારી દુષ્ટતા કોની પર ........... ચાલી નથી ? (૩) (નાહૂમ-૩ જો અધ્યાય)
(૪) કેમ કે તે પૂર્ણ થવાને ........... પાપડ કરી રહ્યું છે. (૨) (હબાક્કુક-૨ જો અધ્યાય)
(૫) તમે, અંધારું (૨)
(૭) તેના યોદ્ધાઓની ઢાલ ........... કરવામાં આવી છે. (૨) નાહૂમ - ૧ લો અધ્યાય)
(૮) કાર્મેલ તથા લબાનોનનું ........... કરમાય છે. (૨) (નાહૂમ - ૧ લો અધ્યાય)
(૯) યહોવાએ મને ઉત્તર આપ્યો કે, સંદર્શન ........... (૨) (નાહૂમ - ૧ થો અધ્યાય)
(૧૦) અને એ કરતાં જે કંઈ વધારે ........... લાગશે તે હું પાછો આવીશ ત્યારે તને આપીશ. (૩) (લૂક - ૧૦ મો અધ્યાય)
(૧૩) બંગલો (૨)
(૧૪) તેઓ અંધકારમાં આવી પડે ત્યાં સુધી તે તેઓની ........... પડશે. (૨) નાહૂમ - ૧ લો અધ્યાય)
(૧૭) તે દિવસે મંદિરનાં ગીતોને ઠેકાણે ........... થઈ રહેશે. (૪)
(૧૯) ........... ના મસ ન થવું. (૨)
(૨૦) તે વખતે બળવાન માણસ પોક મૂકીને ........... છે. (૨) (સફાન્યા -૧લો અધ્યાય)

**ઉભી ચાવી**

(૧) પ્રાર્થના સિવાય બીજા કોઈ ઉપાયથી એ ........... નીકળી શકે તેમ નથી. (૨) (માર્ક - ૯ મો અધ્યાય)
(૨) તે એશ્કોલ તથા આનેરના ભાઈ અમોરીના ........... નાં એલોન ઝાડ પાસે રહેતો હતો. (૩) ઉત્પત્તિ -૧૪મો અધ્યાય)
(૩) પણ નિનવેહ, તો અસલથી જ પાણીના ........... જેવું છે. (૪) નાહૂમ - ૨ જો અધ્યાય)
(૪) હું ........... સમયમાં એવું એક કાર્ય કરવાનો છું. (૩) (હબાક્કુક - ૧ લો અધ્યાય)
(૬) ત્યાં આગળ થઈને પાણીની ........... ચાલે છે. (૨) (હબાક્કુક - ૩ જો અધ્યાય)
(૮) જે કોઈ રાજ્યમાં ........... પડે તે ઉજ્જડ થાય છે. (૨) (લૂક - ૧૧મો અધ્યાય)
(૧૦) જેઓ તને દુઃખ દે છે તે સર્વની ........... હું તે સમયે લઈશ. (૩)
(૧૧) જે માણસો દ્રાક્ષારસના ઠરી ગયેલા ........... ની પેઠે એશઆરામ ભોગવીને પોતાના મનમાં કહે છે. (૩)
(૧૨) તેના કોપના આવેશ સમયે કોણ ........... શકે ? (૨) (નાહૂમ - ૧ લો અધ્યાય)
(૧૪) ........... તથા લૂબીઓ તારા મદદગારો હતા. (૨) (નાહૂમ - ૧ લો અધ્યાય) ...........
(૧૫) તેઓ તેમનાં મુડદાં પર ........... ખાય છે. (૨) (નાહૂમ - ૩ જો અધ્યાય)
(૧૬) અરામના લોકો ........... માં ગુલામગીરીમાં જશે. (૨) (આમોસ - ૧ લો અધ્યાય)
(૧૮) તેની સાથે તેઓએ બે લૂંટારાને વધસ્તંભે જડ્યા; એકને તેની જમણી તરફ ને બીજાને તેની ........... તરફ. (૨) (માર્ક-૧૫મો અધ્યાય)
(૧૯) સઘળાં પૂરાં નહિ થશે ત્યાં સુધી આ પેઢી ........... જશે નહિ. (૨) (લૂક - ૨૧મો અધ્યાય)

### C.W.P. MAY-18 ના ઉકેલ

**આડી ચાવી :** (૧) જુઓ (૨) સંહાર (૪) હાલ (૫) જપ (૬) મસલત (૭) જન (૯) નાસી (૧૦) મરવું (૧૧) મના (૧૩) તજ (૧૪) જકાત (૧૬) પાયમાલ

**ઊભી ચાવી :** (૧) જુલમ (૨) સંપત (૩) રહેવાસી (૫) જલદ (૬) મન (૭) જમણો (૮) નર (૯) નાના (૧૧) મજલ (૧૨) નાકા (૧૩) તમા (૧૫) તળે

**સંજોગોવસાત સાચા જવાબો આપનારમા નામો આ અંકમાં છાપવામાં આવેલ નથી**

- ક્ષમાયાચના

**સુચના :** શબ્દ ચોરસ ભરીને આપ રેવ. અરવિંદ આર. ખ્રિસ્તીને આપશો. સાચાં જવાબ આપનારના નામ બીજા અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. સર્વને ભાગ લેવા વિનંતિ છે. - આભાર